# 8 બૂરાઈના દ્વાર પરથી

- ઝવેરચંદ મેઘાણી

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. લેખકની દૃષ્ટિએ સાચો યજ્ઞ કયો છે?
2. ખેસધારી શેઠને ચીભડાં શા માટે લેવાં હતાં?
3. જમન-ઝમકુને ચીભડાં પકવવાં કેવો પરિશ્રમ કરવો પડ્યો?
4. ઝમકુએ માતાજીને નાળિયેર શા માટે માન્યું?
5. જમનના કેવા રાતા હોઠ મરકતા હતા?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. ઝમકુ પોતાના પતિને લજામણીના છોડ સાથે શા માટે સરખાવે છે?
2. ચીભડાં ખરીદવા આવેલી બાઈ પૈસાદાર હતી એમ શાથી કહી શકાય?
3. જમનને પોલીસવાળા પર ચઢેલ ગુસ્સો ઝમકુનાં કયાં વચનોથી ઊતરી ગયો?

4. ખેસધારી શેઠ સુમનલાલે કયા-કયા પ્રશ્નો પૂછયા? શાથી?

5. જમનને ઈશ્વર પર શા માટે વિશ્વાસ રહ્યો નથી?

**નીચેના પ્રશ્નોના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

1. જમન અને ઝમકુનું સ્નેહાળ દામ્પત્યજીવન

2. 'બૂરાઈના દ્વાર પરથી' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

**નીચેનાં દરેક પ્રશ્નોના ઉત્તર પૂરા વાક્યમાં લખોઃ**

1. આ એકમનો સાહિત્યપ્રકાર લખો.

2. ઝવેરચંદ મેઘાણીને ગાંધીજીએ કયું બિરુદ આપ્યું હતું?

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરી લખોઃ**

1. આ લોકોથી કેવું સાચું સહિયારું જીવન છે.

2. અમારે સરમાળિયામાંથી મેળે જવું છે.

**નીચેનાં વાક્યોને માગ્યા પ્રમાણે પરિવર્તન કરી લખોઃ**

1. અરે ભૂંડા, ખોપરીને તો ટાઢી રાખીએ. (કર્મણિ બનાવો.)

2. સુમનલાલ શરમે-શરમે થોડી વાર ઊભા થઈ રહ્યા. (ભાવે બનાવો.)

3. લે એક વાત કર એટલે હું આખી ફાંટ લઈ લઉં. (સંયોજક શોધો.)

**નીચેનાં વાક્યોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારીને ફરીથી લખોઃ**

1. બેવના મોં ઉપર આ નંદનો ઉજાસ મલકતો હતો

2. જમન ઝમકુના અત્તરમાં એક વલોનું ચાલવા લાગ્યું.

**નીચેના દરેક શબ્દના બે-બે સમાનાર્થી શબ્દો લખોઃ**

1. અમૃત - ______ ______
2. હેમ - ______ ______

**નીચેના શબ્દોનો અર્થભેદ દર્શાવોઃ**

1. કડી - ______________________ કટી - ______________________
2. આટો - ______________________ આંટો - ______________________

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દને સ્થાને વિરોધી શબ્દ મૂકી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરી લખોઃ**

1. <u>ટાઢા</u> રોટલા શા માટે ખાઓ છો?

______________________________________________

2. માટે જ આપણે <u>નિર્ધન</u> રહ્યાં

______________________________________________

**નીચે આપેલા એક શબ્દ માટે શબ્દસમૂહ લખોઃ**

1. કાછિયો - ______________________
2. મતભેદ - ______________________

**નીચેના તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ લખોઃ**

1. કાંક - ______________________
2. માટીડો - ______________________

**નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

1. પ્રાણ નિચોવવા - ______________________________________________

______________________________________________

2. કેડયના મકોડા નોખા થવા - ______________________________________________

______________________________________________

3. ગળોગળ આવી જવું. - ______________________________________________

______________________________________________

**નીચેની ગદ્યખંડને વિચારવિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખોઃ**

અરે, આવે શું નહીં? તમે મોઢામાંથી કાં'ક બોલો તો-તો હમણાં આવે : પણ ઘરાક આવે છે જ ક્યાં? મોરલીને માથે નાગ આવે. આમ જોવો ને : આખી પીઠમાં કાછિયા કેવી-કેવી બોલી કરી લલકારી રિયા છે!

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

•